BRAMPTON **Service and Information Update**

ફેબ્રુઆરી 2, 2023

## બ્રેમ્પટનવાસીઓ અને ધંધાઓને સીટીના 2023 બજેટ પર પ્રતિભાવ આપવા, મૌલિક વિચારો જણાવવા આમંત્રિત કરવામાં આવે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો – સીટી ઑફ્ બ્રેમ્પટન સીટીના 2023 બજેટને આકાર આપવામાં મદદ માટે રહેવાસીઓ, સામુદાયિક સમૂહો અને ધંધાકીય માલિકો પાસેથી મંતવ્યો, મૌલિક વિચારો અને પ્રતિભાવો માંગી રહ્યું છે.

સીટી ટેલિફોન ટાઉન હૉલ્સ, વોર્ડ-વિશિષ્ટ કોફી ચેટ્સ અને બિઝનેસ રાઉન્ડટેબલની શ્રેણીનું આયોજન કરી રહ્યું છે ત્યારે જાહેર જનતાને સમગ્ર બજેટ પ્રક્રિયામાં પ્રવૃત્તમય થવા આમંત્રિત કરવામાં આવે છે.

**હમણાં નોંધણી કરાવો: બજેટ ટેલિ ટાઉન હૉલ #1 – ફેબ્રુઆરી 7**

બજેટ ચેર, મેયર Patrick Brown (પેટ્રિક બ્રાઉન) અને વાઇસ ચેર, કાઉન્સિલર Paul Vicente (પૉલ વિસેંટે) પહેલું બજેટ 2023 ટેલિફોન ટાઉન હૉલને મંગળવાર, ફેબ્રુઆરી 7, 2023 નાં રોજ સાંજે 7 થી રાત્રે 8:30 કલાક સુધી યોજશે.

કૉલ મેળવવા અને સાંભળવા સાઇન-અપ કરવા, કૃપા કરી અહીં ક્લિક કરો. રહેવાસીઓ ઓનલાઇન અહીં પણ સાંભળી શકે છે.

મેયર અને કાઉન્સિલર્સ 2023 બજેટ પર કામ કરી રહ્યાં છે ત્યારે સહભાગીઓ પાસે સામુદાયિક અગ્રતાઓ જણાવવાની, સીટી સ્ટાફ્ના પ્રશ્નો પૂછવાની અને મૌલિક વિચારો જણાવવાની તક રહેશે.

**તારીખો ધ્યાનમાં લેશો**

2023 બજેટ પ્રક્રિયામાં પ્રવૃત્તમય રહેવા આગળની તકોમાં સામેલ છે:

- વૉર્ડ કોફી ચેટ્સ – ફેબ્રુઆરી 17, 20 અને 21, 2023
- વર્ચ્યુઅલ બિઝનેસ રાઉન્ડટેબલ – ફેબ્રુઆરી 23, 2023 નાં રોજ સવારે 8 કલાકે
- ટેલિફોન ટાઉન હૉલ #2 – ફેબ્રુઆરી 25, 2023 નાં રોજ બપોરે 12 કલાકે

વર્ચ્યુઅલ લિંક્સ, સમય અને સ્થળ(ળો) પર વધુ વિગતો વેબસાઇટ http://www.brampton.ca/budget પર અને સીટી ઑફ્ બ્રેમ્પટનના Twitter, Facebook અને Instagram એકાઉન્ટ્સ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**બજેટ 2023 સમયરેખા**

# BRAMPTON Service and Information Update

દરખાસ્ત હેઠળનું બજેટ સીટીની વેબસાઈટ પર બુધવાર, ફેબ્રુઆરી 15 નાં રોજ પોસ્ટ કરવામાં આવશે.

સલાહ-મસલતો ફેબ્રુઆરી 27, 2023 નાં રોજ શરૂ થશે, જેની સાથે બજેટને મંજૂરીનું આયોજન માર્ચ 8, 2023 નાં રોજ માટે રાખવામાં આવ્યું છે.

સીટી ઑફ બ્રેમ્પટનનું વાર્ષિક બજેટ અગ્રતાઓ, લક્ષ્યો અને પહેલોને ઓળખાવે છે જે સંસાધનોના સારા ઉપયોગની ખાતરી કરાવે છે અને અમારી વ્યૂહાત્મક યોજના સાથે જોડાય છે, જે રહેવાસીઓ માટે સૌથી મહત્વની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સીટી ઑફ બ્રેમ્પટનના 2023 બજેટ પર વધુ માહિતી માટે, વેબસાઈટ www.brampton.ca/budget જુઓ.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca